રા,

),

ઈતિ-ભીતિ વ્યાપે નહીં જગમેં, વૃષ્ટિ સમય પર હુઆ કરે ।
ધર્મનિષ્ઠ હોકર રાજા ભી,
ન્યાય પ્રજા કા કિયા કરે ॥ ૧૯ ॥
રોગ, મારી, દુર્ભિક્ષ ન ફૈલે, પ્રજા શાંતિસે જિયા કરે ।
પરમ અહિંસા-ધર્મ જગતમેં,
ફૈલ સર્વ હિત કિયા કરે ॥ ૨૦ ॥
ફૈલે પ્રેમ પરસ્પર જગમેં, મોહ દૂર પર રહા કરે ।
અપ્રિય-કટુક-કઠોર શબ્દ નહીં,
કોઈ મુખસે કહા કરે ॥ ૨૧ ॥
બનકર સબ યુગવીર હૃદયસે, દેશોન્નતિ રત રહા કરે ।
વસ્તુ સ્વરૂપ - વિચાર ખુશીસે,
સબ દુઃખ સંકટ સહા કરે ॥ ૨૨ ॥

# શ્રી આનંદઘન ચોવીસી

## (૧) શ્રી ઋષભદેવ સ્વામી

(રાગ :- મારુ-કરમ પરીક્ષા કરણ કુંવર ચલ્યો રે)

ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે, ઓર ન ચાહું રે કંત;
રીઝ્યો સાહેબ સંગ ન પરિહરે રે, ભાંગે સાદિ અનંત...
ઋષભ૦ ૧

પ્રીત સગાઈ રે જગમાં સહુ કરે રે, પ્રીત સગાઈ ન કોય;
પ્રીત સગાઈ રે નિરુપાધિક કહી રે, સોપાધિક ધન ખોય...

ઋષભ૦ ૨

કોઈ કંત કારણ[૧] કાષ્ઠ ભક્ષણ કરે રે, મિલ શું કંત ને ધાય;
એ મેળો નવિ કહિયે[૨] સંભવે રે, મેળો ઠામ ન ઠાય...

ઋષભ૦ ૩

કોઈ પતિરંજન અતિ ઘણું તપ કરે રે, પતિરંજન તન તાપ;
એ પતિરંજન મેં નવિ ચિત્ત ધર્યું રે, રંજન ધાતુ[3] મિલાપ...

ઋષભ૦ ૪

કોઈ કહે લીલા રે અલખ અલખ તણી રે, લખ પૂરે મન આશ;
દોષ રહિતને રે લીલા નવિ ઘટે રે, લીલા દોષ વિલાસ...

ઋષભ૦ ૫

ચિત્ત પ્રસન્ને રે પૂજન ફલ કહ્યું રે, પૂજા અખંડિત એહ;
કપટ રહિત થઈ આતમ અરપણા રે, "આનંદઘન" પદ એહ...

ઋષભ૦ ૬

---

૧. કાષ્ઠમાં બળી મરે ૨. પાઠાંતર - કદીયે ૩. પ્રકૃતિ-સ્વભાવ

❀ ❀ ❀

# (૨) શ્રી અજિતનાથ સ્વામી

(રાગ :– આશાવરી–મારું મન મોહ્યું રે શ્રી વિમલાચલે રે)

પંથડો નહાળું રે બીજા જિનતણો રે, અજિત અજિત ગુણધામ;
જે તેં જીત્યા રે તેણે હું જિતિયો રે, પુરુષ કિશ્યું મુજ નામ ?
પંથડો૦ ૧

ચરમ નયણે કરી મારગ જોવતાં રે, ભૂલ્યો સયલ સંસાર;
જેણે નયણે કરી મારગ જોઈએ રે, નયણ તે દિવ્ય વિચાર.
પંથડો૦ ૨

પુરુષ પરંપર અનુભવ જોવતાં રે, અંધો અંધ પલાય;
વસ્તુ વિચારે રે જો આગમે કરી રે, ચરણ ધરણ નહિ ઠાય.
પંથડો૦ ૩

તર્ક વિચારે રે વાદ પરંપરા રે, પાર ન પહોંચે કોય;
અભિમત વસ્તુ વસ્તુગતે કહે રે, તે વિરલા જગ જોય.
પંથડો૦ ૪

વસ્તુ વિચારે રે દિવ્ય નયનતણો રે, વિરહ પડ્યો નિરધાર;
તરતમ જોગે રે તરતમ વાસના રે, વાસિત બોધ આધાર.
પંથડો૦ ૫

કાળલબ્ધિ[૧] લહી પંથ નિહાળશું રે, એ આશા અવલંબ[૨];
એ જન જીવે રે જિનજી જાણજો રે, "આનંદઘન" મત અંબ.
પંથડો૦ ૬

---

૧ ભવસ્થિતિ પરિપાક ૨ પાઠાંતર–અવિલંબ

## (૩) શ્રી સંભવનાથ સ્વામી
### (રાગ :- સામગ્રી–રાતડી રમીને કિહાંથી આવિયા રે....)

સંભવદેવ તે ધુર સેવો સવે રે, લહી પ્રભુ સેવન ભેદ;
સેવન કારણ પહેલી ભૂમિકા રે,
અભય અદ્વેષ અખેદ. સં. ૧

ભય ચંચલતા હો જે પરિણામની રે, દ્વેષ અરોચક ભાવ;
ખેદ પ્રવૃત્તિ હો કરતાં થાકિયે રે,
દોષ અબોધ લખાવ. સં. ૨

ચરમાવર્ત[૧] હો ચરમકરણ[૨] તથા રે, ભવપરિણતિ પરિપાક;
દોષ ટળે વળી દૃષ્ટિ ખૂલે ભલી રે,
પ્રાપ્તિ પ્રવચન વાક. સં. ૩

પરિચય પાતિક[3] – ઘાતિક સાધશું રે, અકુશળ અપચય ચેત;
ગ્રંથ અધ્યાતમ શ્રવણ મનન કરી રે,
પરિશીલન નય હેત. સં. ૪

કારણ જોગે હો કારજ નીપજે રે, એમાં કોઈ ન વાદ;
પણ કારણ વિણ કારજ સાધિયે રે,
એ નિજ મત ઉન્માદ સં. ૫

મુગ્ધ સુગમ કરી સેવન આદરે રે, સેવન અગમ અનુપ;
દેજો કદાચિત્ સેવક યાચના રે,
'આનંદઘન' રસ રૂપ. સં. ૬

---

૧. છેલ્લું પુદ્‌ગલ પરાવર્તન. ૨. અનિવૃત્તિકરણ. ૩. પાપસંહારક.

## (૪) શ્રી અભિનંદન સ્વામી

### (તર્જ :- આજનિહજો રે દીસે નાહલો...)

અભિનંદન જિન ! દરિશણ તરસીએ, દરિશણ દુર્લભ દેવ,
મત મત ભેદે રે જો જઈ પૂછીએ,
સહુ થાપે અહમેવ. અ. ૧

સામાન્યે કરી દરિશણ દોહિલું, નિર્ણય સકલ વિશેષ
મદમેં ઘેર્યોરે અંધો કિમ કરે,
રવિશશીરૂપ વિલેખ. અ. ૨

હેતુ વિવાદે હો ચિત્ત ધરી જોઈએ, અતિ દુર્ગમ નયવાદ
આગમવાદે હો ગુરુગમ કો નહીં,
એ સબલો વિષવાદ. અ. ૩

ઘાતિ ડુંગર આડા અતિ ઘણા, તુજ દરિશણ જગનાથ
ધીઠાઈ કરી મારૂગ[1] સંચરૂ,
સેગૂ કોઈ ન સાથ. અ. ૪

દરિશણ દરિશણ રટતો જો ફરૂં, તો રણરોઝ સમાન.
જેહને પિપાસા હો અમૃતપાનની,
કિમ ભાંજે વિષપાન. અ. ૫

તરસન[2] આવે હો મરણજીવન તણો, સીઝે જો દરિશણકાજ
દરિશણ દુર્લભ સુલભ કૃપા થકી,
આનંદઘન મહારાજ. અ. ૬

---

(૧) માર્ગદર્શક ભોમિયો, (૨) ત્રાસ.

# (૫) શ્રી સુમતિનાથ સ્વામી

સુમતિચરણકજ આતમ અરપણા, દરપણ જિમ અવિકાર સુજ્ઞાની,
મતિતરપણ બહુ સમ્મત જાણીએ, પરિસરપણ સુવિચાર.
સુજ્ઞાની..... ૧

ત્રિવિધ સકલ તનુ ધરગત આતમા, બહિરાતમ ધુરિ ભેદ સુજ્ઞાની,
બીજો અંતર આતમ તીસરો, પરમાતમ અવિચ્છેદ સુજ્ઞાની.
સુમતિ..... ૨

આતમબુદ્ધે હો કાયાદિકે ગ્રહ્યો, બહિરાતમ અઘરૂપ સુજ્ઞાની,
કાયાદિકનો હો સાખી ધર રહ્યો, અંતર આતમરૂપ સુજ્ઞાની.
સુમતિ..... ૩

જ્ઞાનાનંદે હો પૂરણ પાવનો, વર્જિત સકળ ઉપાધિ સુજ્ઞાની,
અતીંદ્રિય ગુણ ગણ મણિ આગરુ, એમ પરમાતમ સાધ સુજ્ઞાની.
સુમતિ..... ૪

બહિરાતમ તજી અંતર આતમા, રૂપ થઈ થિર ભાવ સુજ્ઞાની,
પરમાતમનું હો આતમ ભાવવું, આતમ અર્પણ દાવ સુજ્ઞાની.
સુમતિ..... ૫

આતમ અર્પણ વસ્તુ વિચારતાં, ભરમ ટળે મતિદોષ સુજ્ઞાની,
પરમ પદારથ સંપતિ સંપજે, આનંદઘન રસ પોષ સુજ્ઞાની.
સુમતિ..... ૬

# (૬) શ્રી પદ્મપ્રભ સ્વામી

## (તર્જ :- ચાંદલિયા સંદેશો કહેજે મારા કંથને રે...)

પદ્મપ્રભ જિન તુજ મુજ આંતરુ રે કિમ ભાંજે ભગવંત ?
કર્મ વિપાકે હો કારણ જોઈને રે, કોઈ કહે મતિમંત
... પદ્મપ્રભ... ૧

પયઈ[૧] ઠિઈ અણુભાગ પ્રદેશથી રે, મૂલ ઉત્તર બહુ ભેદ
ઘાતી અઘાતી હો બંધોદય ઉદીરણા રે, સત્તા કર્મ વિચ્છેદ
... પદ્મપ્રભ... ૨

કનકોપલવત્ પયડિપુરુષ[૨] તણી રે, જોડી અનાદિ સ્વભાવ
અન્ય સંજોગી જિહાં લગે આતમા રે, સંસારી કહેવાય
... પદ્મપ્રભ... ૩

કારણજોગે હો બંધે બંધને રે, કારણ મુક્તિ મુકાય
આસ્ત્રવ સંવર નામ અનુક્રમે રે, હેય ઉપાદેય સુણાય
... પદ્મપ્રભ... ૪

યુંજનકરણે હો અંતર તુજ પડ્યો રે, ગુણકરણે કરી ભંગ
ગ્રંથ ઉક્તે કરી પંડિત જન કહ્યો રે, અંતર ભંગ સુઅંગ.
... પદ્મપ્રભ... ૫

તુજ મુજ અંતર અંતર ભાંજશે રે વાજશે મંગલ તૂર
જીવ સરોવર અતિશય વાધશે રે, આનંદઘન રસ પૂર
... પદ્મપ્રભ... ૬

---

૧) પ્રકૃતિ, ૨) સ્થિતિ, ૧) અનુભાગ, ૨) કર્મપ્રકૃતિ અને જીવ.

## (૭) શ્રી સુપાર્શ્વનાથ સ્વામી
### (રાગ :- સારંગ તથા મલ્હાર લલનાની દેશી)

શ્રી સુપાર્શ્વ જિન વંદિયે, સુખ સંપતિનો હેતુ લલના,
શાંત સુધારસ જલનિધિ, ભવસાગર માંહે સેતુ લલના
... શ્રી સુપાર્શ્વ... ૧

સાત મહાભય ટાળતો, સપ્તમ જિનવર દેવ લલના,
સાવધાન મનસા કરી, ધારો જિનપદ સેવ લલના
... શ્રી સુપાર્શ્વ... ૨

શિવશંકર જગદીશ્વરુ, ચિદાનંદ ભગવાન લલના
જિન અરિહા તીર્થંકરુ, જ્યોતિ સ્વરૂપ અસમાન લલના
... શ્રી સુપાર્શ્વ... ૩

અલખ નિરંજન વરછલુ, સકલ જંતુ વિશરામ લલના
અભયદાન દાતા સદા, પૂરણ આતમરામ લલના,
... શ્રી સુપાર્શ્વ... ૪

વીતરાગ મદ કલ્પના, રતિ અરતિ ભય શોગ લલના
નિદ્રા તંદ્રા દુરદશા, રહિત અબાધિત યોગ લલના
... શ્રી સુપાર્શ્વ... ૫

પરમ પુરુષ પરમાતમા, પરમેશ્વર પરધાન લલના
પરમ પદારથ પરમેષ્ઠી, પરમદેવ પરમાન લલના
... શ્રી સુપાર્શ્વ... ૬

વિધિ વિરંચિ વિશ્વંભરુ, હૃષીકેશ જગનાથ લલના
અઘહર અઘમોચન ધણી, મુક્તિ પરમપદ સાથ લલના...
... શ્રી સુપાર્શ્વ... ૭

એમ અનેક અભિધા ધરે, અનુભવગમ્ય વિચાર લલના
જેહ જાણે તેહને કરે, આનંદઘન અવતાર લલના...
... શ્રી સુપાર્શ્વ... ૮

## શ્રી ચંદ્રપ્રભુ સ્વામી

દેખણ દે રે સખી મુને દેખાણ દે, ચંદ્રપ્રભુ મુખચંદ, સખી...
ઉપશમ રસનો કંદ સખી, સેવે સુર નર ઈંદ સુખી.
ગત કલિમલ દુઃખ દ્વંદ્વ... સખી... મુને... ૧

સુહમ નિગોદે ન દેખિયો સખી, બાદર અતિહિ વિશેષ સખી
પુઢવી આઉ ન લેખિયો સખી, તેઉ વાઉ ન લેશ સખી
... મુને દેખણ દે... ૨

વનસ્પતિ અતિ ઘણ દિહા સખી, દીઠો[૧] નહીંય દીદાર સખી
બિતિ ચઉરિંદી જલ લીહા સખી, ગત સન્નિ પણ ધાર સખી
... મુને દેખણ દે... ૩

સુર તિરિ[૨] નિરય નિવાસમાં સખી, મનુજ અનારજ સાથ સખી
અપજ્જતા પ્રતિભાસમાં સખી, ચતુર ન ચઢિયો હાથ સખી
... મુને દેખણ દે... ૪

એમ અનેક થલ જાણિયે સખી, દરિશણ વિણુ જિનદેવ સખી
આગમથી મતિ આણિયે સખી, કીજે નિર્મલ સેવ સખી...
... મુને દેખણ દે... ૫

નિર્મલ સાધુ ભગત લહી સખી, યોગ અવંચક હોય સખી
કિરિયા અવંચક તિમ સહી સખી, ફલ અવંચક જોય સખી
... મુને દેખણ દે... ૬

પ્રેરક અવસર જિનવરુ સખી, મોહનીય ક્ષય જાય સખી
કામિત પૂરણ સુરતરુ સખી, આનંદઘન પ્રભુ પાય સખી
... મુને દેખણ દે... ૭

---

૧) ગત સંજ્ઞી અસંજ્ઞી પંચેન્દ્રિય, ૨) અપર્યાપ્તા

❀ ❀ ❀

## (૯) શ્રી સુવિધિનાથ સ્વામી

### (રાગ :- કેદારો એમ ધન્નો ધણીને પરચાવે એ દેશી)

સુવિધિ જિણેસર પાય નમીને, શુભ કરણી એમ કીજે રે,
અતિ ઘણો ઉલટ અંગ ધરીને, પ્રહ ઉઠી પૂજીજે રે....
સુવિધિ... ૧

દ્રવ્યભાવ શુચિ ભાવ ધરીને, હરખે દેહરે જઈએ રે,
દહતિગ[૧] પણ અહિગમ[૨] સાચવતાં, એકમના ધુરિ થઈએ રે.
સુવિધિ... ૨

કુસુમ અક્ષત વર વાસ સુગંધો, ધૂપ દીપ મન સાખી રે,
અંગ પૂજા પણ ભેદ સુણી એમ, ગુરુમુખ આગમ ભાખી રે.

સુવિધિ... ૩

એહનું ફલ દોય ભેદ સુણીજે, અનંતરને પરંપર રે,
આણાપાલણ ચિત્ત પ્રસન્ની, મુગતિ સુગતિ સુર મંદિર રે.

સુવિધિ... ૪

ફૂલ અક્ષત વર ધૂપ પઈવો[3], ગંધ નૈવેદ્ય ફલ જલ ભરી રે,
અંગ અગ્ર પૂજા મળી અડવિધ, ભાવે ભવિક શુભ ગતિ વરી રે.

સુવિધિ... ૫

સત્તરભેદ એકવીસ પ્રકારે, અટ્ઠોતર શતભેદે રે,
ભાવ પૂજા બહુ વિધ નિરધારી, દોહગ દુર્ગતિ છેદે રે.

સુવિધિ... ૬

તુરિય ભેદ પડિવતિ પૂજા ઉપશમ ખીણ સયોગી રે,
ચઉહા પૂજા ઈમ ઉતર ઝયણે, ભાખી કેવલ ભોગી રે.

સુવિધિ... ૭

એમ પૂજા બહુ ભેદ સુણીને, સુખદાયક શુભ કરણી રે,
ભવિક જીવ કરશે તે લેશે, આનંદઘન પદ ધરણી રે.

સુવિધિ... ૮

---

૧) દશત્રિક, ૨) પાંચ અભિગમ, ૩) દીવો.

## (૧૦) શ્રી શીતલનાથ સ્વામી

### (રાગ :- મંગલિક માલા ગુણહ વિશાલા)

શીતલ જિનપતિ લલિત ત્રિભંગી, વિવિધભંગી મન મોહે રે,
કરૂણા કોમલતા તીક્ષણતા, ઉદાસીનતા સોહે રે.
...શીતલ... ૧

સર્વજંતુ હિતકરણી કરૂણા, કર્મ વિદારણ તીક્ષણ રે,
હાનાદાન[૧] રહિત પરિણામી, ઉદાસીનતા વીક્ષણ રે.
...શીતલ... ૩

અભયદાન તે મલક્ષય કરૂણા, તીક્ષણતા ગુણ ભાવે રે,
પ્રેરણવિણ કૃત ઉદાસીનતા, ઈમ વિરોધ મતિ નાવે રે.
...શીતલ... ૪

શક્તિ વ્યક્તિ ત્રિભુવન પ્રભુતા, નિર્ગ્રંથતા સંયોગે રે,
યોગી ભોગી વક્તા મૌની, અનુપયોગી ઉપયોગે રે.
...શીતલ... ૫

ઈત્યાદિક બહુભંગ ત્રિભંગી, ચમત્કાર ચિત્ત દેતી રે,
અચરિજકારી ચિત્ર વિચિત્રા, આનંદઘન પદ લેતી રે.
...શીતલ... ૬

---

૧) દેવુંને લેવું

## (૧૧) શ્રી શ્રેયાંસનાથ સ્વામી
### (રાગ :- ગોડી અહો મતવાલે સાજના)

શ્રી શ્રેયાંસજિન અંતરજામી, આતમરામી નામી રે,
અધ્યાત્મ મત પૂરણ પામી, સહજ મુગતિ ગતિ ગામી રે.
...શ્રી શ્રેયાંસ... ૧

સયલ સંસારી ઈંદ્રિયરામી, મુનિગણ આતમરામી રે,
મુખ્યપણે જે આતમરામી, તે કેવલ નિષ્કામી રે.
...શ્રી શ્રેયાંસ... ૨

નિજ સ્વરૂપ જે કિરિયા સાધે, તેહ અધ્યાતમ લહીએ રે,
જે કિરિયા કરી ચઉગતિ સાધે, તે ન અધ્યાતમ કહીએ રે.
...શ્રી શ્રેયાંસ... ૩

નામ અધ્યાતમ ઠવણ અધ્યાતમ, દ્રવ્ય અધ્યાતમ છંડો રે,
ભાવ અધ્યાતમ નિજ ગુણ સાધે, તો તેહશું રઢ મંડોરે.
...શ્રી શ્રેયાંસ... ૪

શબ્દ અધ્યાતમ અરથ સુણીને, નિર્વિકલ્પ આદર જો રે,
શબ્દ અધ્યાતમ ભજના જાણી, હાણ ગ્રહણમતિ ધરજો રે.
...શ્રી શ્રેયાંસ... ૫

અધ્યાતમ જે વસ્તુ વિચારી, બીજા જાણ લબાસી રે,
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, આનંદઘન મતવાસી રે.
...શ્રી શ્રેયાંસ... ૬

# (૧૨) શ્રી વાસૂપૂજ્ય સ્વામી

## (રાગ :- તુંગિયાગિરિ શિખરે સોહે)

વાસુપૂજ્ય જિન ત્રિભુવન સ્વામી, ઘન નામી પરનામી રે,
નિરાકાર સાકાર સચેતન, કરમ કરમ ફલ કામી રે.
...વાસુપૂજ્ય... ૧

નિરાકાર અભેદ સંગ્રાહક, ભેદ ગ્રાહક સાકારો રે,
દર્શન જ્ઞાન દુભેદ ચેતના, વસ્તુ ગ્રહણ વ્યાપારો રે.
...વાસુપૂજ્ય... ૨

કર્તા પરિણામી પરિણામો, કર્મ જે જીવે કરિયે રે,
એક અનેક રૂપ નવ વાદે, નિયતે નર અનુસરિયે રે.
...વાસુપૂજ્ય... ૩

દુઃખ સુખ રૂપ કરમ ફલ જાણો, નિશ્ચય એક આનંદો રે,
ચેતનતા પરિણામ ન ચૂકે, ચેતન કહે જિનચંદોરે.
...વાસુપૂજ્ય... ૪

પરિણામી ચેતન પરિણામો, જ્ઞાન કરમ ફળ ભાવી રે,
જ્ઞાન કરણ ફળ ચેતન કહીએ, લેજો તેહ મનાવી રે.
...વાસુપૂજ્ય... ૫

આતમજ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્યલિંગી રે,
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, આનંદઘન મતિ સંગી રે.
...વાસુપૂજ્ય... ૬

## (૧૩) શ્રી વિમલનાથ સ્વામી

### (રાગ :- મલ્હાર ઈડર આંબા આંબલી રે)

દુ:ખ દોહગ દૂરે ટળ્યા રે, સુખ સંપદશું ભેટ,
ધિંગ ધણી માથે કિયારે, કુણ ગંજે નર ખેટ.
વિમલ જિન દીઠાં લોયણ આજ, મારાં સીધ્યાં વાંછિત કાજ...
...વિમલજિન... ૧

ચરણ કમળ[૧] કમલા વસેરે, નિર્મલ થિર પદ દેખ,
સમલ અથિર પદ પરિહરે રે, પંકજ પામર પેખ.
...વિમલજિન... ૨

મુજ મન તુજ[૨] પદ પંકજે રે, લીનો ગુણ મકરંદ,
રંક ગણે મંદર ધરા રે, ઈંદ ચંદ નાગિંદ.
...વિમલજિન... ૩

સાહિબ સમરથ તું ધણી રે, પામ્યો પર ઉદાર.
મન વિશરામી વાલહો રે, આતમ[૩]ચો આધાર
...વિમલજિન... ૪

દરિશણ દીઠે જિન તણું રે, સંશય ન રહે વેધ,
દિનકર કરભર પસંરતાં રે, અંધકાર પ્રતિષેધ.
...વિમલજિન... ૫

અમિયભરી મૂરતિ રચી રે, ઉપમાન ઘટે કોય,
શાંત સુધારસ ઝીલતી રે, નીરખમ તૃપ્તિ ન હોય.
...વિમલજિન... ૬

એક અરજ સેવક તણી રે, અવધારો જિનદેવ,
કૃપા કરી મુજ દીજીએ રે, આનંદઘન પદ સેવ.
...વિમલજિન... ૭

૧) કમલા-લક્ષ્મી, ૨) મેરુ-સુવર્ણાચલભૂમિ, ૩) આત્માનો.

❀ ❀ ❀

## (૧૪) શ્રી અનંતનાથ સ્વામી

ધાર તરવારની સોહલી દોહલી,
ચૌદમા જિનતણી ચરણ સેવા,
ધાર પર નાચતા દેખ બાજીગરા,
સેવના ધાર પર ન રહે દેવા.
...ધાર તરવારની... ૧

એક કહે સેવીએ વિવિધ કિરિયા કરી,
ફલ અનેકાંત લોચન ન દેખે,
ફલ અનેકાંત કિરિયા કરી બાપડાં,
રડવડે ચાર ગતિમાંહિ લેખે.
...ધાર તરવારની... ૨

ગચ્છનાં ભેદ બહુ નયણે નિહાળતાં,
તત્ત્વની વાત કરતાં ન લાજે,
ઉદર ભરણાદિ નિજ કાજ કરતાં થકા,
મોહ નડિયા કલિકાલ રાજે.
...ધાર તરવારની... ૩

વચન નિરપેક્ષ વ્યવહાર જૂઠો કહ્યો,
વચન સાપેક્ષ વ્યવહાર સાચો,
વચન નિરપેક્ષ વ્યવહાર સંસાર ફલ,
સાંભળી આદરી કાંઈ રાચો,
...ધાર તરવારની... ૪

દેવ ગુરુ ધર્મની શુદ્ધિ કહો કિમ રહે,
કિમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો,
શુદ્ધ શ્રદ્ધાન વિણ સર્વ કિરિયા કરે,
છાર પર લીંપણુ તેહ જાણો.
...ધાર તરવારની... ૫

પાપ નહિ કોઈ ઉત્સૂત્ર ભાષણ જિસ્યો,
ધર્મ નહિં કોઈ જગસૂત્ર સરિખો,
સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરૈ,
તેહનું શુદ્ધ ચારિત્ર પરીખો.
...ધાર તરવારની... ૬

એહ ઉપદેશનો સાર સંક્ષેપથી,
જે નરા ચિત્તમેં નિત્ય ધ્યાવે,
તે નરા દિવ્ય બહુકાળ સુખ અનુભવી,
નિયત આનંદઘન રાજ પાવે.
...ધાર તરવારની... ૭

❀ ❀ ❀

# (૧૫) શ્રી ધર્મનાથ સ્વામી

## (રાગ :- ગોડી સારંગ...)

ધર્મ જિનેસર ગાઉં રંગશું, ભંગ મ પડશો હો પ્રીત જિનેસર;
બીજો મન મંદિર આણું નહીં, એ અમ કુલવટ રીત.
...જિનેસર, ધર્મ... ૧

ધરમ ધરમ કરતો જગ સહુ ફિરે, ધરમ ન જાણે હો મર્મ. જિ...;
ધરમ જિનેસર ચરણ ગ્રહ્યા પછી, કોઈ ન બાંધે હો કર્મ.
...જિનેસર, ધર્મ... ૨

પ્રવચન અંજન જો સદ્‌ગુરુ કરે, દેખે પરમ નિધાન, જિ...;
હૃદય નયણ નિહાળે જગધણી, મહિમા મેરુ સમાન.
...જિનેસર, ધર્મ... ૩

દોડત દોડત દોડત દોડિયો, જેતી મનની રે દોડ, જિ...;
પ્રેત પ્રતીત વિચારો ઢૂંકડી, ગુરુગમ લેજો રે જોડ.
...જિનેસર ધર્મ... ૪

એક પખી કેમ પ્રીતિ વરે[૧] પડે, ઉભય મિલ્યા હુએ સંધિ, જિ...;
હું રાગી હું મોહે ફંદિયો, તું નીરાગી નિરબંધ.
...જિનેસર ધર્મ... ૫

પરમનિધાન પ્રગટ મુખ આગળે, જગત ઉલ્લંઘી હો જાય, જિ...;
જ્યોતિ વિના જુઓ જગદીશની, અંધો અંધ પલાય.
...જિનેસર ધર્મ... ૬

નિર્મલ ગુણમણિ રોહણ ભૂધરા, મુનિજન માનસ હંસ, જિ...;
ધન્ય તે નગરી ધન્ય વેળા ઘડી, માતપિતા કુળવંશ.
...જિનેસર ધર્મ... ૭

મન મધુકર વર કરજોડી કહે, પદકજ[2] નિકટ નિવાસ, જિ....;
ઘનનામી આનંદઘન સાંભળો, એ સેવક અરદાસ.
...જિનેસર ધર્મ... ૮

---

૧) પરવડે, ૨) ચરણકમળ.

❀ ❀ ❀

## (૧૬) શ્રી શાંતિનાથ સ્વામી
### (રાગ :- મલ્હાર ચતુર ચોમાસું પડિકમ્મી...)

શાંતિ જિન એક મુજ વિનતી, સુણો ત્રિભુવનરાય રે,
શાંતિ સ્વરૂપ કિમ જાણીયે, કહો મન કિમ પરખાય રે.
...શાંતિજિન... ૧

ધન્ય તું આતમ જેહને, એહવો પ્રશ્ન અવકાશ રે,
ધીરજ મન ધરી સાંભળો, કહું શાંતિ પ્રતિભાસ રે.
...શાંતિજિન... ૨

ભાવ અવિશુદ્ધ સુવિશુદ્ધ જે, કહ્યા જિનવર દેવ રે,
તે તેમ અવિતથ્ય સદહે, પ્રથમ એ શાંતિપદ સેવ રે.
...શાંતિજિન... ૩

આગમધર ગુરુ સમકિતી, કિરિયા સંવર સાર રે,
સંપ્રદાયી અવંચક સદા, શુચિ અનુભવ આધાર રે.
...શાંતિજિન... ૪

શુદ્ધ આલંબન આદરે, તજી અવર જંજાલ રે,
તામસી વૃત્તિ સવિ પરિહરે, ભજે સાત્વિકી શાલ રે.
...શાંતિજિન... ૫

ફલ વિસંવાદ જેહમાં નહીં, શબ્દ તે અર્થ સંબંધી રે,
સકલ નયવાદ વ્યાપી રહ્યો, તે શિવસાધન સંધિ રે.
...શાંતિજિન... ૬

વિધિ પ્રતિષેધ કરી આતમા, પદારથ અવિરોધ રે,
ગ્રહણ વિધિ મહાજને પરિગ્રહ્યો, ઈસ્યો આગમે બોધ રે.
...શાંતિજિન... ૭

દુષ્ટજન સંગતિ પરિહરી, ભજે સુગુરુ સંતાન રે,
જોગ સામર્થ્ય ચિત્ત ભાવ જે, ધરે મુક્તિ નિદાન રે.
...શાંતિજિન... ૮

માન અપમાન ચિત્ત સમ ગણે, સમ ગણે કનક પાષાણ રે,
વંદક નિંદક સમગણે, ઈસ્યો હોય તું જાણે રે.
...શાંતિજિન... ૯

સર્વ જગજંતુને સમ ગણે, સમ ગણે તૃણ મણિ ભાવ રે,
મુક્તિ સંસાર બેહુ સમ ગણે, મુણે ભવજલનિધિ નાવરે,

...શાંતિજિન... ૧૦

આપણો આતમભાવ જે, એક ચેતન આધાર રે,
અવર સવિ સાથ સંયોગથી, એહ નિજ પરિકર સાર રે.

...શાંતિજિન... ૧૧

પ્રભુમુખથી એમ સાંભળી, કહે આતમરામ રે,
તાહરે દરિશને નિસ્તર્યો, મુજ સિદ્ધાં સવિકામ રે.

...શાંતિજિન... ૧૨

અહો ! અહો ! હું મુજને કહું, નમો મુજ નમો મુજરે,
અમિત ફલ દાન દાતારની, જેહની ભેટ થઈ તુજ રે.

...શાંતિજિન... ૧૩

શાંતિ સ્વરૂપ સંક્ષેપથી, કહ્યો નિજ પર રૂપ રે,
આગમ માંહે વિસ્તાર ઘણો, કહ્યો શાંતિ જિનભૂપ રે.

શાંતિજિન... ૧૪

શાંતિ સ્વરૂપ એમ ભાવશે, ધરી શુદ્ધ પ્રણિધાન રે,
આનંદઘન પદ પામશે, તે લહેશે બહુ માન રે.

શાંતિજિન... ૧૫

# (૧૭) શ્રી કુંથુનાથ સ્વામી

## (રાગ :- અંબર દેહુ મોરારી...)

મનડું કિમ હિ ન બાઝે, હો કુંથુજિન, મનડું કિમ હિ ન બાઝે;
જિમ જિમ જતન કરીને રાખું, તિમ તિમ અલગું ભાજે હો.
...કુંથુજિન... ૧

રજની વાસર વસતિ ઉજ્જડ ગયણ પાયાલે જાય;
સાપ ખાય ને મુખડું થોથું, એહ ઉખાણો ન્યાય હો.
...કુંથુજિન... ૨

મુક્તિતણા અભિલાષી તપિયા, જ્ઞાનને ધ્યાન અભ્યાસે;
વયરીડું કાંઇ એહવું ચિંતે, નાખે અવળે પાસે હો,
...કુંથુજિન... ૩

આગમ આગમધરને હાથે, નાવે કિણવિધ આંકું;
કિહાં કણે જો હઠ કરી હટકું તો વ્યાલતણી પરે વાંકુ હો.
...કુંથુજિન... ૪

જો ઠગ કહું તો ઠગતું ન દેખું, શાહુકાર પણ નાંહી;
સર્વમાંહી ને સહુથી અલગું, એ અચરિજ મનમાંહી હો.
...કુંથુજિન... ૫

જે જે કહું તે કાન ન ધારે, આપ મતે રહે કાલો;
સુરનર પંડિત જન સમજાવે, સમજે ન માહરો સાલો હો..
...કુંથુજિન... ૬

મેં જાણ્યું એ લિંગ નપુંસક, સકલ મરદને ઠેલે;
બીજી વાતે સમર્થ છે નર, એહને કોઈ ન ઝેલે હો.

...કુંથુજિન... ૭

મન સાધ્યું તેણે સઘળું સાધ્યું, એહ વાત નહિં ખોટી;
એમ કહે સાધ્યું તે નવિ માનું, એ કહી વાત છે મોટી હો,

...કુંથુજિન... ૮

મનડું દુરારાધ્ય તેં વશ આણ્યું, આગમથી મતિ આણું;
આનંદઘન પ્રભુ માહરું આણો, તો સાચું કરી જાણું હો.

...કુંથુજિન... ૯

---

૧) વળગતું નથી, ૨) ખાલી.

❀ ❀ ❀

## (૧૮) શ્રી અરનાથ સ્વામી

ધરમ પરમ અરનાથનો, કેમ જાણું ભગવંત રે;
સ્વ પર સમય સમજાવીએ, મહિમાવંત મહંત રે.

...ધરમ પરમ... ૧

શુદ્ધાતમ અનુભવ સદા, સ્વસમય એહ વિલાસ રે;
પરબડી છાંડહી જેહ પડે, તે પર સમય નિવાસ રે.

...ધરમ પરમ... ૨

તારા નક્ષત્ર ગ્રહ ચંદની, જ્યોતિ દિનેશ મઝાર રે;
દર્શન જ્ઞાન ચરણ થકી, શક્તિ નિજાતમ ધાર રે.
...ધરમ પરમ... ૩

ભારી પીળો ચીકણો, કનક અનેક તરંગ રે;
પર્યાયદષ્ટિ ન દીજીએ, એક જ કનક અભંગ રે.
...ધરમ પરમ... ૪

દરશન જ્ઞાન ચરણ થકી, અલખ સ્વરૂપ અને કરે;
નિર્વિકલ્પ રસ પીજીએ, શુદ્ધ નિરંજન એક રે.
...ધરમ પરમ... ૫

પરમારથ પંથ જે કહે, તે રંજે એક તંત રે;
વ્યવહારે લખ જે રહે, તેહના ભેદ અનંત રે.
...ધરમ પરમ... ૬

વ્યવહારે લખે દોહિલા, કાંઈ ન આવે હાથ રે;
શુદ્ધ નય થાપના સેવતાં, નવિ રહે દુવિધા સાથ રે.
...ધરમ પરમ... ૭

એક એક પખી લખી પ્રીતિને, તુમ સાથે જગનાથ રે;
કૃપા કરીને રાખજો, ચરણ તળે ગ્રહી હાથ રે.
...ધરમ પરમ... ૮

ચક્રી ધરમ તીરથતણો, તીરથફળ[૧] તતસાર રે;
તીરથ સેવે તે લહે, આનંદઘન નિરધાર રે.
...ધરમ પરમ... ૯

---

૧) તત્વસાર.

# (૧૯) શ્રી મલ્લિનાથ સ્વામી

## (રાગ :- કાફી...)

સેવક કિમ અવગણિયે હો મલ્લિજિન, એહ અબ શોભા સારી;
અવર જેહને આદર અતિ દીએ, તેહને મૂલ નિવારી હો.
...મલ્લિજિન... ૧

જ્ઞાન સ્વરૂપ અનાદિ તમારું તે લીધું તમે તાણી;
જુઓ અજ્ઞાન દશા રિસાવી, જાતાં કાણ ન આણી હો.
...મલ્લિજિન... ૨

નિદ્રા સુપન જાગર ઉજાગરતાં, તુરીય[૧] અવસ્થા આવી;
નિદ્રા સુપન દશા રિસાણી, જાણી ન નાથ મનાવી હો.
...મલ્લિજિન... ૩

સમકિત સાથે સગાઈ કીધી, સપરિવારશું ગાઢી;
મિથ્યામતિ અપરાધણ જાણી, ઘરથી બાહિર કાઢી હો.
...મલ્લિજિન... ૪

હાસ્ય અરતિ રતિ શોક દુગંછા, ભય પામર કરસાલી[(૨)];
નોકષાય શ્રેણી ગજ ચઢતાં, શ્વાન તણી ગતિ ઝાલી[(૩)].
...મલ્લિજિન... ૫

રાગદ્વેષ અવિરતિની પરિણતિ, એ ચરણ મોહના યોદ્ધા;
વીતરાગ પરિણતિ પરિણમતાં, ઉઠી નાઠા બોદ્ધા[(૪)] હો.
...મલ્લિજિન... ૬

વેદોદયકામા પરિણામા, કામ્ય કરમ સહુ ત્યાગી;
નિષ્કામી કરુણારસ સાગર, અનંત ચતુષ્ક પદ ત્યાગી.

...મલ્લિજિન... ૭

દાન વિઘન વારી સહુજનને, અભયદાન પદ દાતા;
લાભ વિઘન જગ વિઘન નિવારક પરમ લાભરસ માતા.

...મલ્લિજિન... ૮

વીર્ય વિઘન પંડિત વીર્યે હણી, પૂરણ પદવી યોગી;
ભોગોપભોગ હોય વિઘન નિવારી, પૂરણ ભોગ સુભોગી. હો.

...મલ્લિજિન... ૯

એ અઢાર દૂષણ વર્જિત તનુ, મુનિજન વૃંદે ગાયા;
અવિરતિ રૂપક દોષ નિરૂપણ, નિર્દૂષણ મન ભાયા હો.

...મલ્લિજિન... ૧૦

છણ વિધ પરખી મન વિશરામી, જિનવર ગુણ જે ગાવે;
દીનબંધુની મહેર નજરથી, આનંદઘન પદ પાવે હો.

...મલ્લિજિન... ૧૧

---

૧) ચોથી, ૨) કૃષિની, ૩) થઈ, ૪) મૂર્ખ.

# (૨૦) શ્રી મુનિસુવ્રત સ્વામી

## (રાગ :- કાફી, આઘા આમ પધારો પૂજ્ય)

મુનિસુવ્રત જિનરાય, એક મુજ વિનતિ નિસુણો;
આતમતત્વ [૧]ક્યું જાણ્યું જગતગુરૂ એહ વિચાર મુજ કહિયો.
આતમતત્વ જાણ્યા વિણ નિર્મલ, ચિત્ત સમાધિ નવિ લહિયો.
...મુનિસુવ્રત... ૧

કોઈ અબંધ આતમતત્ત[૨] માને, કિરિયા કરતો દીસે;
ક્રિયા તણું ફલ કહો કુણ ભોગવે, ઈમ પૂછ્યું ચિત્ત રીસે.
...મુનિસુવ્રત... ૨

જડ ચેતન એ[૩] આતમ એક જ, સ્થાવર જંગમ સરીખો;
દુઃખ સુખ સંકર દૂષણ આવે, ચિત્ત વિચારીજો પરીખો.
...મુનિસુવ્રત... ૩

એક કહે નિત્ય જ આતમતત, આતમ દરિશણ લીનો;
કૃત વિનાશ અકૃતાગમ દૂષણ, નવિ દેખે મતિહીણો.
...મુનિસુવ્રત... ૪

સૌગત મત રાગી કહે વાદી, ક્ષણિક એ આતમજાણો;
બંધ મોક્ષ સુખ દુઃખ ન ઘટે, એહ વિચાર મન આણો.
...મુનિસુવ્રત... ૫

ભૂત ચતુષ્ક વર્જિત આતમતત, સત્તા અળગી ન ઘટે;
અંધ શકટ જો નજર ન દેખે, તો શું કીજે શકટે ?

...મુનિસુવ્રત... ૬

એમ અનેક વાદી મત વિભ્રમ, સંકટ પડિયો ન લહે;
ચિત્ત સમાધિ તે માટે પૂછું, તુમ વિણ તત કોઈ ન કહે.

...મુનિસુવ્રત... ૭

વળતું જગગુરુ ઈણિપેરે ભાખે, પક્ષપાત સબ છંડી;
રાગદ્વેષ મોહ પખ વર્જિત, આતમ શું રૂઢ મંડી.

...મુનિસુવ્રત... ૮

આતમધ્યાન ધરે જો કોઉ, સો ફિર ઈણમેં નાવે;
વાગજાલ બીજું સહુ જાણે, એહ તત્વ ચિત્ત લાવે.

...મુનિસુવ્રત... ૯

જિણે વિવેક ધરીએ પખગ્રહીયો, તે તત્ત્વજ્ઞાની કહિયે;
શ્રી મુનિસુવ્રત કૃપા કરો તો, આનંદઘન પદ લહિયે.

...મુનિસુવ્રત... ૧૦

---

૧) કેમ, શી રીતે, ૨) આત્મતત્ત્વ, ૩) એક પ્રકારનો દોષ.

# (૨૧) શ્રી નમિનાથ સ્વામી

ષટ્ દરિશણ જિન અંગ ભણીજે, ન્યાસષડંગ જો સાધે રે;
નમિ જિનવરના ચરણ ઉપાસક, ષટ્ દરિશણ આરાધે રે.
...ષટ્ દરિશણ... ૧

જિન સુરપાદપ પાય વખાણું, સાંખ્ય જોગ દોય ભેદે રે;
આતમસત્તા વિવરણ કરતાં, લહો દુગ અંગ અખેદે રે.
...ષટ્ દરિશણ... ૨

ભેદ અભેદ સૌગત મીમાંસક, જિનવર હોય કર ભારી રે;
લોકાલોક અવલંબન ભજીએ, ગુરુગમથી અવધારી રે.
...ષટ્ દરિશણ... ૩

લોકાયતિક કૂખ જિનવરની, અંશ વિચાર જો કીજે રે;
તત્ત્વ વિચાર સુધારસધારા, ગુરુગમ વિણ કેમ પીજે રે ?
...ષટ્ દરિશણ... ૪

જૈન જિનેશ્વર વર ઉત્તમ અંગ, અંતરંગ બહિરંગે રે;
અક્ષર ન્યાસ ધરા આરાધક, આરાધે ધરી સંગે રે.
...ષટ્ દરિશણ... ૫

જિનવરમાં સઘળાં દરિશણ છે, દર્શને જિનવર ભજના રે;
સાગરમાં સઘળી તટિની સહી, તટિનીમાં સાગર ભજના રે.
...ષટ્ દરિશણ... ૬

જિન સ્વરૂપ થઈ જિન આરાધે, તે સહી જિનવર હોવે રે;
ભૃંગી ઈલિકાને ચટકાવે, તે ભૃંગી જગ જોવે રે.

...ષટ્ દરિશણ... ૭

ચૂર્ણી ભાષ્ય સૂત્ર નિર્યુક્તિ, વૃત્તિ પરંપર અનુભવ રે;
સમય પુરુષનાં અંગ કહ્યા એ, જે છેદે તે દુર્ભવિ રે.

...ષટ્ દરિશણ... ૮

મુદ્રા બીજ ધારણા અક્ષર, ન્યાસ અરથ વિનિયોગે રે;
જે ધ્યાવે તે નવિ વંચીજે, ક્રિયા અવંચક ભોગે રે.

...ષટ્ દરિશણ... ૯

શ્રુત અનુસાર વિચારી બોલું, સુગુરુ તથાવિધ ન મિલે રે;
કિરિયા કરી નવિ સાધી શકીએ, એ વિષવાદ ચિત્ત સઘળે રે.

...ષટ્ દરિશણ... ૧૦

તે માટે ઉભા કર જોડી, જિનવર આગળ કરીએ રે;
સમય ચરણ સેવા શુદ્ધ હોજો, જિમ આનંદઘન લહીએ રે.

...ષટ્ દરિશણ... ૧૧

❀ ❀ ❀

## (૨૨) શ્રી નેમિનાથ સ્વામી

### (રાગ :- મારુણી ધનરા ઢોલા...)

અષ્ટ ભવાંતર વાલહીરે, તું મુજ આતમરામ, મનરાવાલા
મુક્તિ સ્ત્રીશું આપણે રે, સગપણ કોઈ ન કામ.

...મનરાવાલા... ૧

ઘર આવો હો વાલમ ઘર આવો, મારી આશાના વિશરામ. મ...
રથ ફેરો હો સાજન રથ ફેરો, સાજન મારા મનોરથ સાથ.

...મનરાવાલા... ૨

નારી પખો (૧) શો નેહલો રે, સાચ કરે જગનાથ. મ...
ઈશ્વર અર્ધાંગે ધરી રે, તું મુજ ઝાલે ન હાથ.

...મનરાવાલા... ૩

પશુજનની કરુણા કરીરે, આણી હૃદય વિચાર. મ...
માણસની કરુણા નહીં રે, એ કુણ ઘર આચાર.

...મનરાવાલા... ૪

પ્રેમ કલ્પતરુ છેદિયો રે, ધરિયો જોગ ધતૂર. મ...
ચતુરાઈરો કુણ કહો રે, ગુરુ મિલિયો જગસૂર.

...મનરાવાલા... ૫

મારું તો એમાં કયું હી નહિ રે, આપ વિચારો રાજ. મ...
રાજસભામાં બેસતાં રે, કિસડી (૨) બધસી લાજ.

...મનરાવાલા... ૬

પ્રેમ કરે જગ જન સહુ રે, નિર્વાહે તે ઓર. મ...
પ્રીત કરીને છોડી દે રે, તે શું ન ચાલે જોર.

...મનરાવાલા... ૭

જો મનમાં એહવું હતું રે, નિસપત (3) કરત ન જાણ. મ...
નિસપત કરીને છાંડતા રે, માણસ હુવે નુકસાન.

...મનરાવાલા... ૮

દેતાં દાન સંવત્સરી રે, સહુ લહે વાંછિત તોષ. મ...
સેવક વાંછિત નવિ લહેરે, તે સેવકનો દોષ.

...મનરાવાલા... ૯

સખી કહે એ શામળો રે, હું કહું લક્ષણ સેત.(૪) મ...
ઈણ લક્ષણ સાચી સખી રે, આપ વિચારો હેત.

...મનરાવાલા... ૧૦

રાગીશું રાગી સહુ રે, વૈરાગીશ્યો રાગ. મ...
રાગ વિના કિમ દાખવો રે, મુક્તિ સુંદરી માગ ?

...મનરાવાલા... ૧૧

એક ગુહ્ય ઘટતું નથી રે, સઘલોઈ જાણે લોક. મ...
અનેકાંતિક ભોગવો રે, બ્રહ્મચારી ગત રોગ.

...મનરાવાલા... ૧૨

જિણ જોણી(૫) તુમને જોઉં રે, તિણ જોણી જેવો રાજ. મ...
એકવાર મુજને જુઓ રે, તો સીઝે મુજ કાજ.

...મનરાવાલા... ૧૩

મોહદશાધરી ભાવના રે, ચિત્ત લહે તત્ત્વ વિચાર. મ...
વીતરાગતા આદરી રે, પ્રાણનાથ નિરધાર.

...મનરાવાલા... ૧૪

સેવક પણ તે આદરે રે, તો રહે સેવક મામ.(૬) મ...
આશય સાથે ચાલીએ રે, એહી જ રૂડું કામ.

...મનરાવાલા... ૧૫

ત્રિવિધ યોગ ધરી આદર્યો રે, નેમિનાથ ભરતાર. મ...
ધારણ પોષણ તારણો રે, નવરસ મુક્તાહાર.
...મનરાવાલા... ૧૬
કારણરૂપી પ્રભુ ભજ્યો રે, ગણ્યો ન કાજ અકાજ. મ...
કૃપા કરી મુજ દીજીયે રે, આનંદઘન પદરાજ.
...મનરાવાલા... ૧૭

---

૧. મહાદેવ, ૨. કોની લાજ, ૩. સંબંધ, ૪. શ્વેત, ૫. દૃષ્ટિ, ૬. લાજ.

❀ ❀ ❀

## (૨૩) શ્રી પાર્શ્વનાથ સ્વામી
### (રાગ :- સારંગ રસિયાની)

ધ્રુવપદ રામી હો સ્વામી માહરા, નિઃકામી ગુણરાય સુજ્ઞાની;
નિજગુણ કામી હો પામી તું ધણી, ધ્રુવ આરામી હો થાય સુજ્ઞાની.
...ધ્રુવપદ... ૧
સર્વ વ્યાપી કહો સર્વ જાણંગપણે, પર પરિણમન સ્વરૂપ. સુજ્ઞાની...
પરરૂપે કહીં તત્ત્વપણું નહીં, સ્વસત્તા ચિદ્ રૂપ સુજ્ઞાની.
...ધ્રુવપદ... ૨
જ્ઞેય અનેકે હો જ્ઞાન અનેક્તા, જલભાજન રવિ જેમ. સુજ્ઞાની...
દ્રવ્ય એકત્વ પણે ગુણ એક્તા, નિજ પદ રમતા હો ખેમ સુજ્ઞાની.
...ધ્રુવપદ... ૩

પરક્ષેત્રે ગત જ્ઞેયને જાણવે, પરક્ષેત્રે થયું જ્ઞાન. સુજ્ઞાની...
અસ્તિપણું નિજ ક્ષેત્રે તુમે કહ્યું, નિર્મલતા ગુણ માન સુજ્ઞાની.
...ધ્રુવપદ... ૪

જ્ઞેય વિનાશે હો જ્ઞાન વિનશ્વરુ, કાળ પ્રમાણે રે થાય. સુજ્ઞાની...
સ્વકાળે કરી સ્વસત્તા સદા, તે પર રીતે ન જાય સુજ્ઞાની.
...ધ્રુવપદ... ૫

પરભાવે કરી પરતા પામતા, સ્વસત્તા થિર ઠાણ. સુજ્ઞાની...
આત્મ ચતુષ્કમયી પરમાં નહીં, તો કિમ સહુનો રે જાણ સુજ્ઞાની.
...ધ્રુવપદ... ૬

અગુરુલઘુ નિજગુણને દેખતાં, દ્રવ્ય સકલ દેખંત. સુજ્ઞાની...
સાધારણ ગુણની સાધર્મ્યતા, દર્પણ જલને દૃષ્ટાંત સુજ્ઞાની.
...ધ્રુવપદ... ૭

શ્રી પારસજિન પારસ રસ સમો, પણ ઈહાં પારસ (૧) નાંહિ. સુજ્ઞાની...
પૂરણરસીઓ હો નિજગુણ, પરસનો (૨), આનંદઘન મુજ માંહિ સુજ્ઞાની.
...ધ્રુવપદ... ૮

---

૧. પાષાણરૂપ પારસ નહીં, ૨. આત્મગુણરૂપ પારસનો.

❀ ❀ ❀

## (૨૪) શ્રી મહાવીર સ્વામી
### (રાગ :- ધન્યાશ્રી...)

શ્રી વીરજીને ચરણે લાગું, વીરપણું તે માંગુ રે;
મિથ્યામોહ તિમિર ભય ભાગ્યું, જીત નગારું વાગ્યું રે.
...વીરજીને... ૧

છઉમથ્થ વીર્ય લેશ્યા સંગે, અભિસંધિ જ મતિ અંગે રે;
સૂક્ષ્મ સ્થૂલ ક્રિયાને રંગે, યોગી થયો ઉમંગે રે.
...વીરજીને... ૨

અસંખ્ય પ્રદેશે વીર્ય અસંખે, યોગ અસંખિત કંખે રે;
પુદ્ગલ ગણ તેણે લેશું વિશેષે, યશાશક્તિ મતિ લેખે રે.
...વીરજીને... ૩

ઉત્કૃષ્ટ વીર્યનિવેસે, યોગ ક્રિયા નવિ પેસે રે;
યોગ તણી ધ્રુવતાને લેશે, આતમ શક્તિ ન ખેસે રે.
...વીરજીને... ૪

કામ વીર્ય વશે જેમ ભોગી, તેમ આતમ થયો ભોગી રે;
શૂરપણે આતમ ઉપયોગી, થાય તેહણે અયોગી રે.
...વીરજીને... ૫

વીરપણું તે આતમ ઠાણે, જાણ્યું તુમચી વાણે રે;
ધ્યાન વિજ્ઞાણે શક્તિ પ્રમાણે, નિજ ધ્રુવપદ પહિચાણે રે.
...વીરજીને... ૬

આલંબન સાધન જે ત્યાગે, પર પરિગણિને ભાગે રે;
અક્ષય દર્શન જ્ઞાન વૈરાગે, આનંદઘન પ્રભુ જાગે રે.
...વીરજીને... ૭

❀ ❀ ❀

## બાર વ્રતના છપ્પા

* જીવદયા નિત્ય પાળીયે વ્રત પહેલું કહીએ,
સૂક્ષ્મ બાદર જીવને અભયદાન જ દઈએ,
સાધારણ પ્રત્યેકમાં બહુ પાપ જ જાણો,
અનંતકાયને ઓળખી દયા મન આણો,
છકાયની રક્ષા કરો સર્વ કુટુંબ જાણો આપણું,
પ્રકાશસિંહ વાણી વદે તો ખરું તુજ ડાહ્યાપણું. ૧...

* મૃષાવાદ નવિ બોલીએ, વ્રત બીજું કહીએ,
ભરવી કુડી સાખ તેથી અળગા રહીએ,
પંચમાં પૂછે વાત ત્યાં નવિ બોલીએ ખોટું,
આ ભવ પામે માન પરભવ સુખ જ મોટું,
એવું જાણી પ્રાણીયા મૃષાવાદ નવિ ભાખીએ,
પ્રકાશસિંહ વાણી વદે જીભ જતન કરી રાખીએ. ૨...

* અદત્તાદાન ન લીજીએ ચોરી નવિ કીજે,
વસ્તુ પરાઈ હાથ જડે તો પાછી દીજે,